ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ગાંડો છે સૂકાની, મઝધારે મનવાર છે,*
*થશે તહસનહસ વિશ્વ પલવાર છે.*
*ભલીવાર નથી એના મૂર્ખ નિવેદનોમાં -*
*તરંગી વાંદરાના હાથમાં તલવાર છે...!!*
*(વિશ્વયુદ્ધની ચિનગારી ?)*

**હાઈકુ**

*બેઠું છે વિશ્વ,*
*જવાળામુખીની ટોંચે*
*પ્રભુ બચાવે....*

*વિશ્વ કપ્તાન -*
*ડૂબશે - ડૂબાડશે...*
*દુનિયા આખી...*

### ચિંતન

*અનેન મર્ત્યદેહેન યત્ લોકદ્વયશર્મદમ્ ।*
*વિચિન્ત્ય તત્ અનુષ્ઠેયં કર્મ હેય તતોઽન્યથા ॥*

**ઉપરોક્ત શ્લોક 'સુભાષિતરત્નાવલી'માંથી લેવામાં આવેલ છે.**

**આ શરીર મર્ત્યં, મરણશીલ છે. માણસે ખૂબ વિચારીને એવું સત્ - કાર્ય કરવું જોઈએ જેથી ઐહિક અને પારલૌકિક બંને પ્રકારનાં સુખ પ્રાપ્ત થાય. એથી વિરુદ્ધનાં બધાં કામ છોડી દેવા જોઈએ.**

**માનવીએ મન પર અંકૂસ રાખી પોતાનું આચરણ અને કર્મ 'સત્ય' સાથે રાખીને કરવા જોઈએ, જેથી આ જન્મમાં પરમ સુખી-શાંતિ મળે અને પરલોકમાં પણ આત્માને પરમ શાંતિ મળે.**

**પાપાચાર-દુરાચાર-અસત્યનો સંપૂર્ણપણે ત્યાગ કરવો જોઈએ.**

### સુવિચાર

- કુછ રિશ્તેં હે... ઈસીલીયે ચૂપ હે... કુછ ચૂપ હે... ઈસલીયે રિશ્તે હૈં... - **કમાલ સાહેબ**
- જે લોકો મનમાં ઉતરે છે એમને સંભાળીને રાખો,
  જે લોકો મનમાંથી ઉતેર છે એનાથી સંભાળઈને રહો - **અખંડ આનંદ**
- જીંદગીની કસોટી પણ કેટલી વફાદાર છે... એનું પેપર કોઈ દિવસ ફૂટતું નથી - **બહેરામજી દસ્તુર**
- આવતીકાલે જો પહાડ ખસેડવો હોય તો આજે જ પથ્થરો ખસેડવાની શરુઆત કરવી પડશે - **એસ. ભટ્ટાચાર્ય**
- જિંદગી... શું છે ?? આરંભે ઈશ્વરે બક્ષેલી યાત્રા !! મધ્યે સુખ-દુઃખ ભરેલી જાત્રા...!! અંતે, અન્યો માટે નાનકડી વાર્તા... !! - **અમૃતબોધ**
- સંબંધને સોનાના વરખની નહિ, હૃદયના હરખની જરૂર છે - **રઈશ મણિયાર**
- આજનું ઔષધ - એક ચમચી ચાસણી સામે બે ચમચી લીંબુનો રસ સવાર-સાંજ પીવારથી બ્લડ પ્રેશર કાબુમાં રહે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મૂળ ઓસ્ટ્રેલિયન પછી અમેરિકા સ્થાયી થયેલી એક્ટ્રેસ હેડી લેમારની નાનપણથી રૂચી નાના મશીન, ઘરમાં વપરાતા વેક્યુમ કલીનર, વોશિંગ મશીન, ઘાસ કાપવાના મશીન વગેરેમાં ટેકનિકલ ઉપકરણોમાં રહેતી. હોલિવુડમાં અભિનેત્રી તરીકે કામ કરતાં કરતાં પણ તે નવરાશના સમયમાં કંઈક ને કંઈક નવું વિચારતી રહેતી હતી. સફળ અભિનેત્રી બન્યા પછી પણ તેનો આ અભિગમ કાબિલેદાદ હતો. એ દિવસોમાં બીજું વિશ્વ યુદ્ધ શરૂ થયું હતું. યુદ્ધના સમયે જે રેડિયો ફ્રિક્વન્સીથી સંચાલિત ટોર્પિડોનો ઉપયોગ અમેરિકન નૌકાદળ કરી રહ્યું હતું. પણ એ ટોર્પિડોની દિશા બદલી શકાતી હતી. હેડી લેમારે પોતાના મિત્ર જયોર્જ એન્થિલની મદદથી રેડિયો સિગ્નલ પર કામ કરનાર ફ્રિકવન્સી હોપિંગ સ્પ્રેડ સિસ્ટમની શોધ કરી. અને આ પ્રણાલીની પેટંટ પણ કરી લીધી. પરંતુ એ સમયે અમેરિકન સેનાને આ શોધની કંઈ કદર ન કરી. અમેરિકન સેનાને લાગ્યું કે કોઈ અભિનેત્રી તે વળી નૌકાદળની યુદ્ધને લગતી જરૂરિયાતોને શું સમજી શકે ? પણ વખત જતાં આ ટેકનિક જીપીએસ, વાઈફાઈ અને બ્લ્યુ ટુથના વિકાસનો આધાર બની. હેડી લેમારે એટલું સાબિત કરી દીધું કે કોઈ પણ કામ અશક્ય નથી હોતું. માણસ એક કરતાં વધુ ક્ષેત્રમાં પણ સફળતા મેળવી શકે છે.

# તરુણ વિદ્યાર્થીઓનું લોહીઝાણ રાજકારણ

**તંત્રીસ્થાનેથી...**

રાજકારણ જયારે તરુણોની દુનિયા ડહોળે છે ત્યારે કેવી શોચનીય પરિસ્થિતિ સરજાય છે એનો જીવતો જાગતો દાખલો દિલ્હીની જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી છે. 'જેએનયુ'ના ટૂંકા નામે ઓળખાતી આ યુનિવર્સિટી છેલ્લા કેટલાક સમયથી વિચારોનું સમરાંગણ બની રહી છે. એમાં કન્હેયા જેવો વિદ્રોહી વિદ્યાર્થી પાકે છે જેને વિપક્ષો પોતાનો લાડકો પ્રતિનિધિ બનાવી બેગુસરાય જેવી બિહારની બેઠક પરથી લોકસભાની ચૂંટણીમાં ઉતારે છે. કમનસીબે ડાબેરી વિચારસરણીથી આકંઠ ધરાઈ ગયેલા મતદારો એને ભૂંડો જાકારો પણ આપે છે, પરંતુ એથી પેલો વિદ્યાર્થી આક્રોશ થોડો શાંત થવાનો હતો ? કયારેક સંસદ ભવન પર હુમલો કરનાર અફઝલ ગુરુ તો કયારેક કાશ્મીરની કહેવાતી આઝાદીનો ઝંડો લઈને ફરનારા અને પાકિસ્તાનના ઝંડા ફરકાવનારા દેશદ્રોહીઓનું સમર્થન કરવાનો આક્ષેપ 'જેએનયુ' લોબી પર થતો રહ્યો છે. બૌદ્ધિકોને 'જેએનયુ'ની વિદ્યાર્થી લોબી બહુ વહાલી છે એટલે વારંવાર તેઓ એના સમર્થનમાં નિવેદનો ઠપકારી આગમાં ઘી હોમવાનું કામ કરતા રહે છે. સામા પક્ષે વર્તમાન શાસક લોબી 'જેએનયુ'ને બોઠપાઠ ભણાવવાની એકે તક જતી કરવા તૈયાર નથી. ત્યાં સુધી કે પાર્ટીના અધ્યક્ષથી લઈ ભાજપના અનેક નેતાઓ જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીએ અનેક શ્રેષ્ઠ મહાનુભાવોની ભેટ ધરેલ છે. એ તમામને માતૃસંસ્થા ઉપરાંત એની સાથે જોડાયેલ પ્રથમ વડાપ્રધાનના નામ પ્રત્યે અપાર મમતા અને આદર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહપ્રધાન કમ પાર્ટી અધ્યક્ષ અમિત શાહને નહેરુના નામ પર ભાગે સૂગ છે. સિત્તેર વર્ષ સુધીના આઝાદી પછીના શાસનકાળમાં નહેરુ અને એમના વારસદારોએ દેશનું સત્યાનાશ જ વાળ્યું છે અને હવે અમે એ બધું સમું-સરખું કરી દેશને વિકાસના માર્ગ પર અગ્રેસર કરી રહ્યા છીએ એવી ડંફાશ મારવામાંથી આ શાસક વર્ગ વાજ નથી આવતો. એની અસર ભાજપની વિદ્યાર્થી પાંખ પર ન થાય તો જ નવાઈ. તાજેતરમાં જ જેએનયુ વિદ્યાર્થી સંઘની અધ્યક્ષા પર થયેલા ઘાતકી હુમલા પાછળ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના લોકો જવાબદાર હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. કેમ્પસમાં પેસીને વિદ્યાર્થીઓને મારઝૂડ કરવાની આ ઘટના શિક્ષણ જગત માટે અને સરકાર માટે ખરેખર શરમજનક બાબત છે. દિલ્હીના મુખ્યમંત્રીથી લઈ કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી પ્રિયંકા ગાંધી સહિતના અનેક આગેવાનોએ આ ઘટનાની તટસ્થ તપાસ સામે પણ શંકાની સોય તાકી છે. તરુણ વયના વિદ્યાર્થીઓ જો આવી લોહીઝાણ ખટપટોનો જ ભોગ બનશે તો આ દેશનું શું થશે તે કલ્પવું મુશ્કેલ છે. આ મુદ્દે વેળાસર સહસિંચત જરૂરી છે.

# જે કાંઈ કર્મ કરીએ એ શત-પ્રતિશત સમર્પિત ભાવે - નિષ્ઠાથી કરીએ



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

'અરે, કૈસે લોગ હો આપ ? ગોવા ગયે ઔર ૩૧ ડિસેમ્બર કે દિન વાપીસ આયે ? ઑફિસમાં સખીએ કહ્યું.'

'હમ લોગ ગયે થે કેવલ ઔર કેવલ સન બર્ન મ્યુઝીક ફેસ્ટિવલ કે લીયે, અગર હમ ૩૧ ડિસેમ્બર મનાને ગયે હોતે તો જરૂર રુક્તે... જવાબ મળ્યો, ને ઉમેર્યું.'

'છેલ્લા બે ત્રણ વર્ષથી અમારી ઈચ્છા હતી આ મ્યુઝિક ફેસ્ટિવલ અટેન્ડ કરવાની. આ વર્ષે બધી અનુકૂલતા થઈ તો જઈ આવ્યા, મસ્તીથી ઝુમ્યા ને ગોવામાં ગરમીમાં બીચ પર ફરીને આવી ગયા!'

આ સંવાદમાં કોણે કયાં અને કેમ ગયું ને કોણે શું પૂછ્યું એનું નહિ, પરંતુ જવાબમાં રહેલી વિચારોની અને મનોજગતની સ્પષ્ટતા મહત્ત્વની છે. આપણે જવા કયાંક નીકળીએ અને ફંટાઈ કે રોકાઈ જઈએ કયાંક, ત્યારે અનેક પ્રશ્નો સર્જાય છે અને કયારેક આપણને જ અફસોસ થાય છે. આવું ન થાય માટે જરૂરી છે કે વિચારોની સ્પષ્ટતા હોય. શું કરવું છે ? શા માટે કરવું છે ? એ બાબતની જાગૃતિ હોય તો મોટાભાગે જે તે કાર્યોમાં સફળતાની દિશામાં જરૂર આગળ વધાય છે.

વિક્રમ સંવતનું નવું વર્ષ આપણે ત્યાં દીવાળીના પર્વથી શરૂ થાય અને ઈસવીસન જાન્યુઆરીથી શરૂ થાય. વર્ષ ૨૦૧૯ પુરું થયું અને આરંભ થયો ૨૦૨૦નો. ક્રિકેટમાં ૨૦-૨૦ની મેચ વર્લ્ડમાં રમાય છે. આ ફોર્મેટમાં રમનારાઓ એ વાતની ખબર છે કે એક એક બોલમાં થતાં રનનું અને એ બોલ દ્વારા પ્રાપ્ત થતી વિકેટનું મહત્ત્વ છે. ૨૦-૨૦ મેચ રમનારાને ઓછા સમયમાં પોતાનું શ્રેષ્ઠ પરફોર્મન્સ આપવાનું છે અને એટલે જ ૨૦-૨૦ ક્રિકેટમાં પસંદ થનાર ખેલાડીમાં શારીરિક ચુસ્તી અને સ્ફૂર્તિ, ઝડપ, સમય સૂચકતા, સાહસ જેવા ગુણો અતિ મહત્ત્વના ગણાય છે.

અત્યારે શરૂ થયેલા નવા વર્ષને પણ ૨૦-૨૦ રૂપે જોઈએ તો આપણા માટે પણ આ વર્ષની એક એક પળ મહત્ત્વની છે. આરંભે શૂરા બનીને થોડા દિવસ આપણે આપણા સંકલ્પો પુરા કરવા માટેની પ્રતિબદ્ધતા પુરવાર કરીએ પણ પછી ઢીલાઢળ થઈ જઈએ એ નહિ ચાલે. આયોજન - પુરુષાર્થ - અમલીકરણ માટે સતત, પ્રયત્નશીલ, રહેવું પડશે. રોજે રોજ આપણે પોતે જ આપણા કાર્યનો હિસાબ લેવો પડશે. હોતા હૈ ચલતા હૈ ની મનોવૃત્તિ નહિ ચાલે. વહી જતાં સમયને પોતાના ભાગે આવેલા શ્રેષ્ઠ કર્મથી જીવંત કરવો પડશે તો જ સફળ થવાશે.

નવા વર્ષના આરંભે એક નાનકડી વાર્તાનું સ્મરણ થાય છે. એક શિલ્પકાર હતો. ગામના પાદરે આવેલા ડુંગર પર મંદિર બનતું હતું ત્યાં મુખ્ય મૂર્તિ તરાશવાનું કામ લાંબા સમયથી એ કરતો હતો. રાત્રે તળેટીમાં આવી જાય અને સવારથી સાંજ ઉપર મૂર્તિ ઘડે.

એક માણસ મંદિરના જ કોઈક કામે નિયમિત રૂપે ત્રણ ચાર વાર ત્યાં ગયો. એણે નોંધ્યું કે આ મૂર્તિ આમ તો તૈયાર થઈ જ ગઈ છે, છતાં શિલ્પી બહુ ઝીણું કાંતી રહ્યો છે. એ શિલ્પકારને મળ્યો અને કહ્યું કે, 'દોસ્ત, આ મૂર્તિ બની જ ગઈ છે, અહીં નિયમિતરૂપે ભક્તો આટલી સંખ્યામાં આવશે નહિ, કોઈને કાંઈ ખબર પણ નહીં પડે, તું મૂર્તિ સોંપી દે ને !!! ત્યારે શિલ્પીએ કહ્યું કે, 'મને ખબર છે, પરંતુ મારી મૂર્તિ કોઈ જુએ કે ના જુએ, મારું કામ છે એટલે એ શ્રેષ્ઠ જ હોવું જોઈએ....''

આ વાર્તામાં પોતાના કર્તૃત્વભાવની શ્રેષ્ઠતાને આનંદ સમાયેલો છે. આપણા કામથી આપણને આનંદ થવો જોઈએ. એ આનંદ આખરે વધુ સારા કામ અપાવે છે. ૨૦૨૦ના વર્ષમાં આપણે આપણા પ્રત્યેક કામને આ રીતે મૂલવશું તો સરવાળે આપણને જ સિદ્ધિઓ મળશે.

સંસ્કૃત શ્લોકમાં લખાયું છે,
આ નો ભદ્રા : ક્રતવો યન્તુ વિશ્વતઃ
અર્થાત્ અમને સર્વ દિશાઓમાંથી શુભ વિચારો પ્રાપ્ત થાઓ.

૨૦૨૦ના વર્ષના શુભારંભે આપણી આસપાસના વાતાવરણમાં આપણે શુભત્વ સ્વીકારીએ, પ્રેમ અને પ્રસન્નતાના વાહક બનીએ, બંધાઈએ નહીં, ગતિમાન રહીએ, કાર ચલાવતી વખતે પાછળનું દશ્ય બતાવતો કામ નાનો હોય છે એમાં કયારેક જ જોઈએ છીએ સામેની, આગળની દિશા જે બતાવે એ કામ વિશાળ હોય છે, વધુ ધ્યાન એના પર હોય છે. એમ જ ભવિષ્ય પર વિશેષ ધ્યાન આપીએ. જે કાંઈ કર્મ કરીએ એ શત-પ્રતિશત સમર્પિત ભાવે - નિષ્ઠાથી કરીએ ત્યારે સફળતાના અજવાળા જરૂર રેલાશે.

# હું નહોતો આમ દરવાજો છતાં, ખૂબ વાસ્યો છે ઉઘાડ્યો છે મને !



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

'ઉપયોગમાં આવવું' અને 'ઉપયોગ થઈ જવો', આ બંને તદ્દન ભિન્ન ઘટનાઓ છે.આપણા સમાજમાં ઘણા સજ્જનો ગાંઠનું ગોપીચંદન ઘસીને પણ કશી જ અપેક્ષા વગર બીજાને ખપ પડ્યે કામ લાગે છે. અણીના સમયે કામ લાગે છે. ચારે બાજુથી ભીંસ આવી પડી હોય, અને બીજો કોઈ માર્ગ જ ન સૂઝતો હોય, ત્યારે કોઈ ભગવાનનો માણસ પડખે ઊભો રહે એ ચમત્કાર જેવું જ લાગે છે.

જ્યારે બીજી એવી પરિસ્થિતિની વાત છે,જેમાં આપણને ખબર પણ ન પડે તેમ આપણો ઉપયોગ થઈ જતો હોય છે. કંઈ કેટલીય નવી નવી પેઢીઓની શરુઆત ખૂબ જ નાના પાયે થતી હોય છે, જેમાં આરંભના કર્મચારીઓ પોતાપણું સમજીને દિવસ-રાત એક કરીને લોહીનું પાણી કરી નાખીને ઉપર લાવે છે. જોવાની ખૂબી એ છે કે, પેઢી સંચાલકો પણ જ્યાં સુધી કામ હોય ત્યાં સુધી ચાંદ-તારા દેખાડી દેખાડીને જે તે નિષ્ઠાવાન પ્રામાણિક પરિશ્રમી કર્મચારીનો ઉપયોગ કરે રાખે છે,અને પછી 'જેવી ગરજ સરી કે વૈદ વેરી' પોતાનુ કામ પુરું થાય કે તુરંત જ 'હું' કોણ અને 'તું' કોણ જેવા ઘાટ ઘડાય જાય છે.

અને પછી મૂઢની જેમ કે ભોળાભાવે સ્વાર્પણથી કરેલી સેવાનું અવમૂલ્યન થતું જોઈને તે સમયની જે ટીસ પેલા પરગજુ માણસના હૃદયમાંથી ઊઠે છે, તે ટીસનો અવાજ ભલે ન આવે પણ તે ભલભલા કાળજા કંપાવી દેવા બરાબર છે.

કામ કઢાવી લેવામાં અને ઉપયોગ કરી લેવામાં આ દુનિયાના લોકોનો જોટો જડે તેમ નથી.

'છછૂંદર' જેવા છદ્મવેશી હિતૈષીઓથી તો ભગવાન બચાવે! છછૂંદરનો ગુણધર્મ છે કે - ફૂંક મારતું જાય અને બટકુ ભરતું જાય. ફૂક મારતુ જાય અને કરડતું જાય. માટે આવા છછૂંદર જેવા લોકોથી તો ઈશ્વર બચાવે! ઉપયોગ કરી લેવામાં કાબિલ એવા આ છછૂંદર જેવા લોકો વાસ્તવમાં સમાજનું ઘણું મોટું અહિત કરી નાખતા હોય છે.

કોઈ સમાજસેવી સંસ્થા હોય, કોઈ ટ્રસ્ટ હોય, મંડળ ચાલતું હોય, આ દરેક જગ્યાએ કામ કરવાવાળા કોઈ અને દેખાવ કરવાવાળા બીજા હોય છે. દોડી દોડીને પોતાના તન-મન-ધન હોમી દઈને કાર્યક્રમોને, મંડળને, સંસ્થાને ચલાવવા માટે રાત-દિવસ એક કરી દેનારા ઊપયોગાઈ ગયેલા પરિશ્રમી લોકો ખરા પ્રસંગે સાઈડલાઈન કરી દેવાતા હોય છે.

'ઉપયોગી થવું' 'નેકી કર દરિયા મે ડાલ' જેવા અગણિત અવતરણ આપણાં સાહિત્યમાં છે, તે માન્યું પરંતુ વાંધો ઉપયોગ કરી લેવાવાળા દંભી અને તકવાદી લોકો પરત્વે છે. 'આઘા રહેવું અને બાઘા રહેવું' એવા સિદ્ધાન્ત સાથે કામચોરી કરનારા લોકો માટે વધુ ગુસ્સો અને ઘૃણા ત્યારે આવે છે, જ્યારે શેક્યો પાપડ પણ ન તોડ્યો હોય અને કામનો બધો જશ પોતે લઈ જાય.

આપણી સ્વતન્ત્રતાની વેદીમાં અઢળક લોકો ખપી ગયા. જ્યારે તે વખતના જુવાળ વિશે વાંચીએ ત્યારે ખબર પડે કે, બરાબર ઉપયોગમાં લઈ લીધા પછી આજે તો કોઈ બીજા જ આઝાદી મેળવવાનો જશ ખાટી રહ્યું છે.

અરે! સામાજિક સંસ્થાઓ કે તેવા ત્રાહિત સંગઠનોની ક્યાં વાત કરવી .... ઘરમાં પણ જ્યારે ઉપયોગ કરી જવાવાળા તકવાદીઓ મળી જાય ત્યારે આપણે અવાચક બની જઈએ છીએ.

'જમવામાં જગલો અને કૂટાવામાં ભગલો' આ બધી કહેવતો કંઈ એમ ને એમ નહીં બની હોય! પરિવાર વિશાળ હોય પણ આપણે બધાએ ક્યાંક ને ક્યાંક જોયું હશે કે દરેક ઘરમાં આવા જગલાં અને ભગલાં હોય જ છે.

અરે! વડીના પાપડ તો અમારી વહુ જ સરસ બનાવે હો! અરે કાતરી તો અમારી વહુ જ સારી બનાવે હો! વારે-તહેવારે પ્રસંગે પરિવારનો જમાવડો થવાનો હોય ત્યારે તો આખું રસોડું જ વહુને સંભાળી લેવાનુ. અને પછી સીધા ભાણે જમવા પધારતી બીજી વહુઓ રસોડામાંથી ડ્રોઈંગરુમ સુધી માત્ર વાનગીઓ પીરસવામાં હાજર રહે..આવી શાણી વહુઓ જઈ જઈને જશ ખાટી જાય અને પેલી બિચારી પરસેવે નીતરતી રસોડામાં જ પડી રહે..

આવું જ ભાઈઓ વચ્ચે પણ થતું હોય છે. એક ભાઈ ખડા પગે દોડા-દોડ કરતો ઘસાઈ રહેતો હોય પણ, બહારગામ રહેતો અથવા માત્ર અતિથિની જેમ જ હાજર થતો ખરા દેખાડાના સમયે જ આવીને બદો જશ ખાટી જાય છે, અને વાંધો એ છે કે આ બધી રમત નિહાળતા વડીલો પણ 'ટેકન ફોર ગ્રાન્ટેડ' કરીને ઉપયોગ થઈ જનારાનો પક્ષ અણદેખ્યો કરીને ચૂપ બેસી રહે છે.

ખૂબ સાદી અને સરળ લાગતી આ વાતમાં કોઈ મોટી મોટી અઘરી ફિલોસોફી નથી, પણા આપણે બધાએ ક્યારેક ને ક્યારેક આવો ઉપયોગ થઈ જવા જેવો અનુભવ ચોક્કસ કર્યો જ હશે... માટે જ આપણા ગઝલકાર અમૃત 'ઘાયલ' કહે છે કે -

**હું નહોતો આમ દરવાજો છતાં,**
**ખૂબ વાસ્યો છે ઉઘાડ્યો છે મને !**
**બહુ બૂરી રીતે ફિટાડ્યો છે મને,**
**ભર સભામાંથી ઉઠાડ્યો છે મને**
**સ્થિર થવા દિધો નથી કોઈ સ્થળે**
**જ્યાં ગયો ત્યાંથી ભગાડ્યો છે મને !**

**- અમૃત'ઘાયલ'**

હું નહોતો આમ દરવાજો છતાં,ખૂબ વાસ્યો છે ઉઘાડ્યો છે મને! - પરાકાષ્ટા આવી જાય તે હદ સુધી કોઈ આપણને વાપરે જ રાખે વાપરે જ રાખે, ત્યારે આપણે તોબા પોકારી ઉઠીએ છીએ..અને પછી બંને હાથ કાન ઉપર મૂકીને માથું આકાશ તરફ કરીને બરાડી ઉઠીએ છીએ- ' બસ! હવે બહું થયું...' આ ભાવ આવી ગયા પછી કદાચ આપણો કોઈ ઉપયોગ કરી લેવામાં સફળ નથી થતુ, પરંતુ અણીના સમયે કોઈને ઉપયોગી થવાનો સ્વભાવ પણ કુંઠિત થઈ જાય છે. સૂકા ભેગુ લીલું બળે તેમ... સારાઈની ભાવના પણ નામશેષ થઈ જાય છે.

હજારો વખત આપણે સ્વયં જાણતા હોઈએ છીએ કે આપણો ઉપયોગ થઈ રહ્યો છે,પણ આપણી ભલમનસાઈ કે આપણી મજબૂરી ને લીધે આપણે સામેવાળાની કુચેષ્ટાને સહે રાખીએ છીએ.પણ જે દિવસે પાણી નાકથી ઉપર ગયું એટલે...

- jayuoza@gmail.com
Mo.9898046488

# સેલ ફોન તો સ્માર્ટ બની ગયા એનો ઉપયોગ કરનારા સ્માર્ટ છે ખરાં?



**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

સમય, પરિવાર અને મિત્રો એવી દોલત છે કે એના માટે પરિશ્રમ કરવો પડતો નથી. આ ત્રણેયમાંથી એક પણ જ્યારે હાથમાંથી સરકી જાય ત્યારે એની કિંમત સમજાય છે. શાક રોટલી કે મિષ્ટાન ખાવું મહત્વનું નથી પણ પરિવાર સાથે ખાવું અગત્યની વાત છે. જેની પાસે લાખો કરોડોની મિલકત છે અઢળક રૂપિયા પૈસા છે એ અમીર નથી. જેની પાસે પ્રેમાળ પારિવારિક હૂંફ છે એ ઢનાધ્ય છે. સામાન્ય રીતે તો સમય જ નક્કી કરતો હોય છે કે જીવનમાં કોણ મળશે, હૃદયમાંથી અવાજ આવતો હોય છે કે, કોની જરૂર છે. પણ આખરે તો વ્યક્તિનું વર્તન જ નક્કી કરતું હોય છે કે, એના જીવનમાં કોણ સાથ નિભાવશે-એની સાથે કોણ લાંબો સમય ટકી રહેશે.



એક જમાનો હતો કે ઘરની બહાર રમતાં બાળકોને પરાણે ઘરમાં લાવવા પડતાં હતાં. આજે મોબાઈલ ફોનના પ્રતાપે ઘરના ખૂણામાં બેસીને બાળકો, યુવાનો અને મોટેરાઓ રીતસરના ઘરકુકડી બની ગયા છે. અફસોસ છે કે, આજના બાળકોને ગીલ્લી ડંડા, નાગોલચું, આઈસપાઈસ, આંધળો પાટો, લંગડી, ખોખો, થપ્પો, પક્કડદાવ, કબડ્ડી વગેરે રમતો શું છે એનો ખ્યાલ જ નથી. મોબાઈલ ચાર અક્ષરના આ શબ્દએ આજે વિશ્વના પ્રત્યેક વ્યક્તિનું જીવન બદલી નાખ્યું છે. મોબાઈલે કોમ્યુનિકેશન ક્ષેત્રે આણેલી જબરજસ્ત ક્રાંતિને અવગણી શકાય નહીં. પણ સાથે સાથે મોબાઈલ ઉપયોગના અતિરેકે રીતસરનું દૂષણ અને પ્રદૂષણ ઊભું કર્યું છે એ વાતનો પણ સ્વીકાર કરવો જ રહ્યો. જરૂરિયાત મુજબ મોબાઈલનો ઉપયોગ નિઃસંદેહપણે પ્રભાવક હોય છે પણ હદ કરતાં વધુ ઉપયોગથી સર્જાતા દૂષ્પરિણામોના વિકરાળ પંજામાં આજે અનેક પરિવારો સપડાતા જાય છે.

મલ્ટીનેશનલ કંપનીમાં કામ કરતાં એક યુવાનની વાત છે. એને સરસ મજાનો ૧૦-૧૨ વર્ષનો પુત્ર છે. પ્રેમાળ પત્ની છે અને મા-બાપની છત્રછાયા છે. આ યુવાન સવારે છ વાગે ઉઠીને નીત્યક્રમ પરવારીને ૫-૧૦ મિનિટ અખબારમાં નજર ફેરવે ન ફેરવે અને પછી એનો સ્માર્ટ ફોન ખોલીને બેસી જાય. અને પછી સાડા નવ વાગે ઓફિસ જાય ત્યાં સુધી વોટ્સએપ, ફેસબુક, ટ્વીટર, ઈન્સ્ટાગ્રામ વગેરે ઉપર ગુંથાયેલો રહે. સાંજે આંઠ સાડા આંઠે ઓફિસથી આવીને ડિનર કરે ન કરે અને વળી પાછો એન્ડ્રોઈડના ખોળે બેસી જાય. આ યુવાનના નિવૃત્ત પિતાજી પણ એક સારી કંપનીમાં ઉચ્ચ હોદ્દા પરથી નિવૃત્ત થયેલા. રોજ પિતાજી એના દીકરાને કહે, 'બેટા ઘરમાં એક નિયમ તો કરીએ કે બધા સવારે અને સાંજે જમતી વખતે ડાઈનીંગ ટેબલ ઉપર એમની દીનચર્યાની ચર્ચા કરે. સારા નરસા અનુભવોની આપ-લે કરે. પરિવારમાં આવનારા પ્રસંગો અને ઉત્સવોની ઉજવણીની વાત કરે.' દીકરો પિતાની વાતમાં હા એ હા કરે પણ એનું નક્કર અમલીકરણ ન થતું. આ વાતનો પિતાજીને બહુ જ મોટો રંજ રહેતો.

આ કહાની કોઈ એક પરિવારની નથી. દરેક ઘરમાં એક યા બીજા સ્વરૂપે મોબાઈલનો અજગર ભરડો લઈને બેઠો છે. આજે ભારતમાં જેટલા શૌચાલયો નથી એનાથી ત્રણ ઘણા મોબાઈલ ફોન છે. રાષ્ટ્રમાં જેટલા શાળાના ઓરડાઓ નથી એનાથી ૧૦ ઘણાં એન્ડ્રોઈડ ફોન છે. પરિવારના સભ્યો વચ્ચે પારિવારિક ભાવનાને તહસનહસ કરીને મોટી ખાઈ સર્જનારા મોબાઈલ નામના દુશ્મનને પરાસ્ત કરવાનો સમય પાકી ગયો છે. મનોવૈજ્ઞાનિકો કહે છે સેલ ફોનનો અતિરેકપૂર્ણ ઉપયોગ સૌથી વધુ મનોવૈજ્ઞાનિક અવલંબન ઊભું કરે છે. એને પરિણામે વ્યક્તિમાં ચિંતા, તાણ, ડર, ડિપ્રેશન અને એકલતાના લક્ષણો ખૂબ ઝડપથી વિકાસ પામે છે.

સ્માર્ટ ફોનના ઈતિહાસ ઉપર થોડી નજર નાખવા જેવી છે. મોબાઈલ ફોન પર જોઈ શકાય તેવી પ્રથમ ડેટા સર્વિસની શરૂઆત વર્ષ ૧૯૯૩માં ફીનલેન્ડમાં થઈ. જેમાં વ્યક્તિ એસએમએસ ટેક્સ્ટથી કોમ્યુનિકેશન કરતો થયો. ૧૯૯૬માં નોકીયાએ પ્રથમ સ્માર્ટ ફોન નોકીયા-૯૦૦૦ લોન્ચ કર્યો. જેમાં મોબાઈલ ફોનના બેઝીક કામો થતાં. લીન બ્લેકબેરી, સોની એરીકશન, નોકીયા મલ્ટીમીડિયા એન સીરીઝ અને હવે એપલના આઈફોને સ્માર્ટ ફોનની પરિભાષા બદલી નાખી છે. આજે મોબાઈલ ઉપર ટેક્સટ મેસેજ, વિડીયો, ઓડિયો, કેમકોડર, બીલ્ટ ઈન કેમેરા, વિડીયો કોલીંગ, ગેમ્સ, ટીટીટી, મેમરી, બ્લુટુથ, વાઈફાઈ, ઈન્ટરનેટ સર્વિસ, બ્રાઉઝીંગ જેવી અનેક સવલતો પ્રાપ્ત છે. પહેલાં પાંચ વર્ષે મોબાઈલની જનરેશન બદલાતી હતી. ૨જી, ૩જી, ૪જી, ૫જી સુધી જનરેશનો બદલાઈ છે. પ્રતિ છ મહિને સ્માર્ટ ફોન નવી એપ્લિકેશનો સાથે વધુ ને વધુ સ્માર્ટ બનતો જાય છે. સમગ્ર વિશ્વમાં ૪.૬૮ બિલિયન લોકો સેલ ફોનનો ઉપયોગ કરે છે જ્યારે ભારતમાં ૮૦૦ મિલિયન લોકો સ્માર્ટ ફોનનો ઉપયોગ કરે છે.

વ્યક્તિના સપનાઓ, કલ્પનાશક્તિ, અરમાનો અને પરિશ્રમના પ્રસવેદના મૂલ્યો મોબાઈલ ફોને ઝૂંટવી લીધા છે. એક સમય હતો કે, બાળકો માતા-પિતા અને વડીલો પાસે પરિકથાઓ અને પંચતંત્રની અલકમલકની વાર્તાઓ સાંભળીને તેમના ખોળામાં માથું નાખી મીઠી નીંદરમાં પોઢી જતાં. રંગબેરંગી સપનાની દુનિયામાં ખોવાઈ જતાં. આજે મોડી રાત સુધી એન્ડ્રોઈડ ફોનમાં માથું ખોસીને બાળકો-યુવાનો જુદી જુદી એપ્લીકેશન, ગેઈમ્સ અને સોશયલ મીડિયામાં ડૂબેલા રહે છે. સેલફોનમાંથી નીકળતો વાદળી પ્રકાશ વ્યક્તિના મગજમાં મેલાટોનિનનું તત્ત્વ ઉત્પન્ન કરવા ઉપર પ્રહાર કરે છે. મેલાટોનિન વ્યક્તિને ઊંઘવા માટે પ્રેરિત કરવાનું મુખ્ય હોર્મોન છે. મોબાઈલ ફોનનો વાદળી પ્રકાશ મેલાટોનિન રોકી દે છે. પરિણામે સ્વાભાવિક રીતે જ ઉંઘ આવતી નથી.

તાજેતરમાં એન્ડ્રોઈડ એડિકશન અંગે એક સર્વે થયો હતો. સર્વે મુજબ મોબાઈલ એડિકશન ડ્રગ એડિક્શન કરતાં પણ વધુ ખતરનાક અસરો પેદા કરે છે. મોબાઈલ એડિક્શનના કારણે ૩૦ ટકા લોકોની આંખો ડ્રાય થઈ ગઈ હોવાનું સર્વેમાં તારતમ્ય આપવામાં આવ્યું હતું. સતત ચાર કલાક કે તેથી વધુ મોબાઈલ ફોનનો ઉપયોગ કરનારાઓ પૈકી ૧૦ ટકા વ્યક્તિઓની આંખોની કીકી ત્રાંસી થઈ ગઈ હોવાનું તારણ છે. અમદાવાદ શહેરના એક જાણીતા નિષ્ણાત તબીબ કહે છે કે, એન્ડ્રોઈડના વિવિધ ગેજેટ્સના વધુ પડતા ઉપયોગને પરિણામે આંખોની સમસ્યાથી પીડાતા ૧૫થી ૨૦ દર્દીઓ દરરોજ એમની હોસ્પિટલમાં આવે છે. પ્યૂ રિસર્ચ સેન્ટરનો એક રિપોર્ટ એમ કહે છે કે, સ્માર્ટ ફોનનો ઉપયોગ કરનારા લોકો દિવસમાં સરેરાશ ૧૫૦ વખત ફોન જુએ છે. આ લોકો મોબાઈલ ફોનથી એમની જાતને દૂર રાખી શકતા નથી. આ જ કારણોથી વ્યક્તિનો ટેમ્પરામેન્ટ હિંસક બની જતો હોય છે.

સાવ એવું પણ નથી કે ખરાબ અસરોને કારણે મોબાઈલ ફોનના ઉપયોગની આવશ્યકતા જ નથી. સ્માર્ટ ફોનનો વિવેકપૂર્ણ ઉપયોગ વરદાન પણ બને છે. વ્યક્તિ કોઈ અજાણી જગ્યાએ મુશ્કેલીમાં આવી જાય ત્યારે ગુગલ મેપ એને મુશ્કેલીમાંથી ઉગારે છે. સોશિયલ મીડીયાની ફેસબુક એપ્લિકેશન પુરાણા મિત્રોને અને પરિચિતોનો મેળાપ કરાવી આપવાનું મજાનું પ્લેટફોર્મ બનીને પણ ઉભરી શકે છે. દવાખાનુ, હોટેલ, શાળા કે સરકારી કચેરી, ટ્રેન, પ્લેનના સમયપત્રક વગેરે જીવન જરૂરી બાબતો સ્માર્ટ ફોનની એક કલીકથી સરળતાથી મળી જાય છે. સ્માર્ટ ફોનનો સ્માર્ટ ઉપયોગ કરતાં આવડવું જોઈએ. જો એ ન આવડે તો એ પતિ-પત્નીના સંબંધો, પિતા-પુત્રના સંબંધો, ભાઈ-બહેનના સંબંધો ઉપર વિપરીત અસર ઉભી કરવાનું સબળ કારણ બની શકે છે. વ્યક્તિની મુઠ્ઠીમાં ફોન શોભવો જોઈએ. ફોનની મુઠ્ઠીમાં વ્યક્તિ કચડાઈ મરવો ન જોઈએ. ફોન તો સ્માર્ટ બની ગયા પણ માણસે સ્માર્ટ બનવું પડશે. એન્ડ્રોઈડ-સ્માર્ટ ફોનની બહાર પણ મજાની દુનિયા છે એ ન ભુલવું જોઈએ.

**ધબકાર :**
**સંસ્કાર મોબાઈલના વોટ્સએપ ગ્રુપમાં ઠલવાતા સુવિચારો કે એફબી અને ટ્વીટરના ઉપદેશોના ઢગલાંથી નથી મળતાં સંસ્કારની સરિતા પારિવારિક પ્રેમના મહોલમાં પાંગરતી હોય છે.**